**GUJARAT BILL NO. 1 OF 2024.**

# THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS LAWS (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to amend the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧.**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪.**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૪૮નો મુંબઇના ૬૭મો.**

**સન ૧૯૪૮ના મુંબઇના ૬૭મા અધિનિયમની કલમ-૬૩કગ-નો સુધારો.**

૨. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૬૩કગ-માં, પેટા-કલમ (૧)માં, "ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૫૪ખ નો સુધારો.

૩. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯માં, કલમ ૫૪ખ-માં, પેટા-કલમ (૧)માં, "ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

સન ૧૯૫૮ના મુંબઈના ૯૯મા અધિનિયમની કલમ ૮૯ગ- નો સુધારો.

૪. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮માં, કલમ ૮૯ગ-માં, પેટા-કલમ (૧)માં, "ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૮નો મુંબઈનો ૯૯મો.

# ઉદ્દેશો અને કારણો

હાલમાં, રાજ્યમાં ત્રણ જુદા-જુદા ગણોત વહીવટના કાયદા અમલમાં છે. ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અમલમાં છે, ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ અમલમાં છે, જ્યારે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અમલમાં છે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩કગ થી, બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરી છે કે સદરહુ જોગવાઇમાં જણાવેલી સંસ્થાઓ, આવી સંસ્થાઓ દ્વારા ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજ અથવા તે પહેલાં પ્રસ્તુત જમીનની ખરીદી કરવામાં આવી હોય, તો બિન-કૃષિવિષયક હેતુ માટે જમીનનો હેતુ ફેરવવા (રૂપાંતરણ) ને લગતી અરજી કરવા હકદાર રહેશે. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-ખ માં અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-ગ માં તેવી જ જોગવાઇઓ કરવામાં આવી છે.

તેમ છતાં, ૩૦મી જૂન, ૨૦૧૫ ના રોજ અથવા તે પહેલા ખરીદવામાં આવી હોય તેવી જમીનોના રૂપાંતરણ માટે અરજી કરવાની તારીખ વધુ લંબાવવા માટે, સખાવતને પ્રોત્સાહન આપતી સખાવતી સંસ્થાઓ પાસેથી રજૂઆતો મળી છે કારણ કે આવી સંસ્થાઓ વિવિધ કારણોસર સમયમર્યાદાની અંદર અરજી કરી શકી નથી અને આ કારણથી, આવી સંસ્થાઓ, સખાવતી કાર્ય શરૂ કરી શકી નથી.

તેથી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩-કગ, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-ખ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-ગ માં જરૂરી સુધારા કરવા ધાર્યું છે. આ વિધેયકની કલમો ૨, ૩ અને ૪ થી, તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ ત્રણ ગણોત વહીવટ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**બલવંતસિંહ રાજપુત,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.**- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.**- આ કલમથી સુધારવા ધારેલી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩કગ- ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫-ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેક્ટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.**- આ કલમથી સુધારવા ધારેલી, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪ખ-ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેક્ટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૪.**- આ કલમથી સુધારવા ધારેલી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯ગ-ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫ ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેક્ટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૫ મી જાન્યુઆરી, ૨૦૨૪. **બલવંતસિંહ રાજપુત.**

## પુરવણી

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮
## (સન ૧૯૪૮ના મુંબઈના ૬૭મા) માંથી ઉતારા.

---

આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભની પહેલાં જમીન ખરીદવામાં આવી હોય, તો જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.

**૬૩કગ.** (૧) કલમ ૬૩ અથવા ૬૩કઘ-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૬૩ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીન ખરીદી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે કલેક્ટરને અરજી કરવા હકદાર રહેશે.

સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.
સન ૨૦૧૩નો ૧૮ મો.
સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.

(૨) XXX XXX XXX

## પુરવણી

## સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯
## (સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મા) માંથી ઉતારા.

---

આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભ પહેલાં જમીન ખરીદવામાં આવી હોય, તો જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.

**૫૪ખ.** (૧) કલમ ૫૪ અથવા ૭૫ક-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૫૪ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીન ખરીદી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે કલેક્ટરને અરજી કરવા હકદાર રહેશે.

સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.
સન ૨૦૧૩નો ૧૮ મો.
સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.

(૨) XXX XXX XXX

# પુરવણી

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૯મા) માંથી ઉતારા.

આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભ પહેલાં ખરીદેલી જમીનને બિન- ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.

**૮૯-ગ.** (૧) કલમ ૮૯ અથવા ૮૯-ઘ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.) હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૧૮ મો.) હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૮૯ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીનની ખરીદી કરી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.) ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, કલેક્ટરને અરજી કરવા હકદાર રહેશે.

(૨) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧ .]

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ,૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી બલવંતસિંહ રાજપુત,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના જાન્યુઆરી મહિનાની ૨૫ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.